Extra No. 332

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, SEPTEMBER 15, 2025 / BHADRA 24, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો:

(૧) નામદાર સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.૭૨૮/૨૦૧૫ અંતર્ગત તા.૨૩/૧૦/૨૦૧૮નું જજમેન્ટ

(૨) અધિક સચિવ (કા.વ્ય.), ગૃહ વિભાગ ના પત્ર નં.વિ.૨/ ઈએસએ/ ૧૩૨૦૧૫/જીઓઆઈ-૧૧૨, તા. ૦૭/૧૧/૨૦૨૦

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમન સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે જાહેરનામુ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ઝ) ૬ કલમ-૩૩(૧)(ય) અન્વયેનું

નં.પી.ઓ.એલ./જાહેરનામું/ફટાકડા/વશી-૨૯૩૯/૨૦૨૫.-નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા રીટ પીટીશન નં.૭૨૮/૨૦૧૫ ના કામે તા.૦૪/૧૧/૨૦૨૧ ના રોજ દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે જાહેર જનતાને ભયજનયક/હાનિકારક પર્યાવરણ તથા ધ્વનિ પ્રદુષણનો વિપરીત અસરથી રક્ષણ આપવા માટે ફટાકડા ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે દિશાનિર્દેશો કરેલ છે. તેના અમલીકરણ માટે તથા દિવાળીના તહેવારો દરમિયાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે સાબરકાંઠા જિલ્લામાં ફટાકડા ખરીદ, વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવુ જરૂરી જણાય છે.

આથી હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪નો બીજો) ની કલમ-૧૪૪ તથા ગુજરાત અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ઝ), કલમ-૩૩(૧)(ય) થી મળેલ સત્તાની રૂએ સાબરકાંઠા જિલ્લાની હદ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યોનુ ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવુ છુ.

-:: કૃત્યો ::-

- દિવાળીના તહેવારો દરમિયાન રાત્રીના ૨૦:૦૦ થી ૨૨:૦૦ કલાક દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે.
- સીરીઝમાં જોડાયેલા ફટાકડા (ફટાકડાની લુમ) (Series Crackers of Laris) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી, ફોડી કે વેચાણ કરી શકાશે નહી.

- હાનિકારક ધ્વનિ પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા ધ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વનિ સ્તર (Decibel Level) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોકસ ઉપર PESO થી સુચના પ્રમાણેનુ માર્કિંગ હોવુ જરૂરી છે.

- હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહિ.

- કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

- ઈ-કોમર્સ વેબસાઈટ જેવી કે ફ્લિપકાર્ટ, એમેઝોન સહીતની કોઈ પણ ઈ-કોમર્સ વેબસાઈટ ફટાકડા વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકશે નહી કે વેચાણ કરી શકશે નહી.

- લોકોને અગવડ ઉભી ન થાય કે કોઈ પણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે સાબરકાંઠા જિલ્લાના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ.પી.જી., બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામોની નજીકમાં ફટાકડા દારૂખાનું ફોડી શકાશે નહી.

- કોઈ પણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/આતશબાજી બલુન)નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઈ પણ સ્થળે ઉડાડી શકાશે નહી.

- ફટાકડા વેચાણ/ફોડવા બાબતે ધી એકસપ્લોઝીવ રૂલ્સ-૨૦૦૮ની તમામ શરતો/નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

- જાહેર માર્ગો, શેરીઓ, ગલીઓ અને અન્ય જગ્યાઓમાં કાયમી કે હંગામી ફટાકડા પરવાનગી વગરની દુકાનો/લારીઓ/ગલ્લા ઉપર દારૂખાનાનું વેચાણ કે સંગ્રહ કરી શકાશે નહિ.

ઉકત જાહેરનામું તા.૦૬/૧૦/૨૦૨૫ થી તા. ૦૫/૧૧/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે બી.એન.એસ.એસ.ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મેં આજ તા.૮ મી સપ્ટેમ્બર-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:39:25 IST